

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-37 ■ તા. 10-09-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# વિશ્વમાં વિશ્વાસના અભાવનું સંકટ, આ સમય સાથે મળીને ચલાવાનો સમય છે' પીએમ મોદીનું સ્વાગત સંબોધન




નવીદિલ્હી,તા.૯

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શનિવારે દેશની રાજધાની નવી દિલ્હીમાં જી ૨૦ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું. વડાપ્રધાન મોદીએ સ્વાગત સંબોધનની શરૂઆતમાં સૌપ્રથમ મોરોક્કોમાં ભૂકંપના કારણે થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો. આ પછી વડા પ્રધાન મોદીએ જી ૨૦ દેશોને સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસનો મંત્ર આપ્યો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કે બધાને સાથે લઈને આગળ વધીએ. કોરોના પાનડેમિક પછી આત્મવિશ્વાસના અભાવનું સંકટ આવ્યું છે, જેને કોરોનાની જેમ પરાજિત કરીશું.

વડા પ્રધાન મોદીના સંબોધન દરમિયાન તેમની સામે ટેબલ પર મૂકવામાં આવેલી પ્લેટ પર 'ભારત' લખેલું જોવા મળ્યું હતું. વડા પ્રધાન મોદીએ કહ્યું, ''ભારત જી-૨૦ના પ્રમુખ તરીકે તમારું સ્વાગત કરે છે. આપણે જ્યાં અત્યારે એકઠા થયા છીએ ત્યાંથી થોડાક કિલોમીટર દૂર લગભગ ૨,૫૦૦ વર્ષ જૂનો એક સ્તંભ છે. તેના પર પ્રાકત ભાષામાં લખ્યું છે – માનવતાનું કલ્યાણ અને સુખ સુનિશ્ચિત કરવું જોઈએ. અઢી હજાર વર્ષ પહેલાં ભારતની ભૂમિએ આ સંદેશ આખા વિશ્વને આપ્યો હતો. આ સંદેશને યાદ કરીને આપણે ૪-૨૦નું ઉદ્‌ઘાટન કરીએ.''

મોરોક્કોમાં આવેલા ભયંકર ભૂકંપના અંગે વડા પ્રધાન મોદીએ કહ્યું, ''મોરોક્કોમાં ભૂકંપના અસરગ્રસ્તો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરવા માંગુ છું. હું પ્રાર્થના કરું છું કે સમગ્ર વિશ્વ સમુદાય આ મુશ્કેલ સમયમાં મોરોક્કોની સાથે ઉભો રહે. અમે તેમને તમામ શક્ય સહાય પૂરી પાડવા તૈયાર છીએ.''

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, ''કોરોના પછી, વિશ્વમાં વિશ્વાસના અભાવનું મોટું સંકટ આવ્યું છે. યુદ્ધે વિશ્વાસના આ સંકટને વધુ ગંભીર બનાવ્યું છે. જ્યારે આપણે કોવિડને હરાવી શકીએ છીએ, ત્યારે આપણે પરસ્પર વિશ્વાસ પર ઉઠેલા આ સંકટને પાર કરી શકીશું. આજે, જી -૨૦ ના પ્રમુખ તરીકે, ભારત આખા વિશ્વને એકસાથે આવવા અને આ વૈશ્વિક કટોકટીને વિશ્વાસ અને આત્મવિશ્વાસમાં પરિવર્તિત કરવા માટે આહ્વાન કરે છે. આ સાથે મળીને ચાલવાનો સમય છે. તેથી, સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસનો મંત્ર આપણા બધા માટે માર્ગદર્શક બની શકે છે.''

વડા પ્રધાન મોદીએ કહ્યું કે ભારતનું જી ૨૦ પ્રમુખપદ દેશની અંદર અને બહાર સર્વસમાવેશકતાનું પ્રતીક બની ગયું છે. તેમણે કહ્યું કે જી૨૦ સાથે કરોડો લોકો જોડાયેલા છે અને ભારતમાં તે 'પીપલ્સ જી ૨૦' બની ગયું છે. ૬૦ શહેરોમાં ૨૦૦ થી વધુ બેઠકો યોજાઈ હતી.વન અર્થનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ માનવ કેન્દ્રીત વિકાસને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે તેના પર ભારતીય સંસ્કૃતિએ હંમેશા ભાર મૂક્યો છે. આ એક બ્રહ્માંડની ભાવના પર આધારિત છે જે હેઠળ ભારતે ન્હ્રૌઈ મિશન જેવી પહેલ પર કામ કર્યું છે. આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ પર ભાર મૂક્યો છે. ગ્રીન ગ્રિડ પહેલ શરૂ કરી છે. - વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ અને સૌર ઊર્જાનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી અને રાષ્ટ્રીય હરિત હાઈડ્રોજન મિશનને પ્રોત્સાહન કર્યું. વડાપ્રધાને કહ્યું કે ભારત, આસ્થાન, આધ્યાત્મ અને પરંપરાઓની ડાયવર્સિટીની ધરતી છે. દુનિયાના અનેક ધર્મો અહીં ઉદભવ્યાં. મધર ઓફ ડેમોક્રસી તરીકે સંવાદ અને લોકતાંત્રિક વિચારધારા પર અનંતકાળથી અમારો અતૂટ વિશ્વાસ છે. અમારું વૈશ્વિક વર્તન વસુધૈવ કુટુંબકમ એટલે કે વર્લ્ડ ઈઝ વન ફેમિલીના મૂળ ભાવ પર આધારિતછે. વિશ્વને એક પરિવાર માનવાનો આ ભાવ, દરેક ભારતીયને વન અર્થના દાયિત્વ બોધથી જોડે છે. પીએમ મોદીએ કહ્યું કે વન અર્થની ભાવનાથી જ ભારતે પર્યાવરણ મિશન માટે જીવનશૈલીની શરૂઆત કરી છે. ભારતના આગ્રહ પર અને આપ સૌના સહયોગથી સમગ્ર વિશ્વ આ વર્ષને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ મનાવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં આફ્રિકન યુનિયન માટે જી-૨૦ના કાયમી સભ્યપદ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, 'અમે પ્રસ્તાવ મૂક્યો હતો કે આફ્રિકન યુનિયનને જી ૨૦નું કાયમી સભ્યપદ આપવામાં આવે. મને ખાતરી છે કે તમે બધા આ સાથે સહમત છો. જી ૨૦ ના સ્થાયી સભ્ય તરીકે આફ્રિકન સંઘના અધ્યક્ષને તેમનું સ્થાન લેવા આમંત્રણ આપું છું.' જી ૨૦ સમિટના પહેલા જ દિવસે એક સંયુક્ત ઘોષણા પર સંમતિ બની છે. વડા પ્રધાન મોદીએ શનિવારે બીજા સત્રની શરૂઆતમાં વક્તા તરીકે તેમની ક્ષમતામાં આ માહિતી આપી હતી. તેમણે તમામ સભ્ય દેશોની સંમતિથી નવી દિલ્હી ડિક્લેરેશન પસાર કરી દીધું છેપીએમ મોદીએ પ્રેસિડેન્ટ તરીકે તેને પસાર કરતાની સાથે જ આફ્રિકન યુનિયનના વડા અજાલી અસોમાનીએ જઈને પીએમ મોદીને ગળે લગાવ્યા. ભારતના પ્રસ્તાવને ચીન અને યુરોપિયન યુનિયન દ્વારા પણ ટેકો મળ્યો હતો. યૂનિયનને મેમ્બરશિપ મળવાથી આફ્રિકાના ૫૫ દેશોને ફાયદો થશે.

ગ્લોબલ સાઉથનું અગ્રણી ગ્રુપ આફ્રિકન યુનિયન પણ જી ૨૦માં જોડાયું છે. પીએમ મોદીના પ્રસ્તાવને તમામ સભ્ય દેશોએ સ્વીકારી લીધો છે.

## નરેન્દ્ર મોદીએ મોરોક્કોમાં ભૂકંપ પર દુખ વ્યક્ત કર્યું, ભારત દરેક સંભવ મદદ કરવા તૈયાર છે

નવીદિલ્હી,તા.૯

મોરોક્કોમાં આવેલા તીવ્ર ભૂકંપના કારણે ઘણો વિનાશ થયો છે. આ દરમિયાન લગભગ ૨૯૬ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ છે જેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ આ અંગે ટ્વિટ કર્યું છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂકંપમાં માર્યા ગયેલા લોકો અને મોરોક્કોમાં થયેલા નુકસાન પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં મોરોક્કોને તમામ શક્ય મદદ આપવા તૈયાર છે. પીએમ નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યું કે, 'મોરોક્કોમાં ભૂકંપના કારણે જાનમાલના નુકસાનથી હું ખૂબ જ દુખી છું. મારા વિચારો આ દુઃખદ સમયે મોરોક્કો સાથે છે. જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. ઘાયલો જલદી સાજા થઈ જાય. ભારત આ મુશ્કેલ સમયમાં મોરોક્કોને તમામ સંભવ મદદ કરવા તૈયાર છે.

એ યાદ રહે કે પ્રચંડ ભૂકંપમાં ઓછામાં ઓછા ૨૯૬ લોકોના મોત થયા છે, એમ મોરોક્કોના આંતરિક મંત્રાલયે જણાવ્યું હતું. મોરોક્કોના લોકોએ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો શેર કર્યા છે, જેમાં ઈમારતો તૂટીને કાટમાળમાં ફેરવાતી જોવા મળી રહી છે. ચારે બાજુ ધૂળ દેખાઈ રહી છે. ઐતિહાસિક મોરોક્કન શહેર મરાકેશની આસપાસની પ્રખ્યાત લાલ દિવાલોના ભાગોને પણ ભૂકંપથી નુકસાન થયું છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં મારાકેશનો સમાવેશ થાય છે. બીજી તરફ, આ દુર્ઘટના પર, યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે ઓફ મોરોક્કોએ કહ્યું કે છેલ્લા ૧૨૦ વર્ષમાં આવેલા તમામ ભૂકંપમાં આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો.

## પીએમ મોદી અને જો બાઈડેન વચ્ચે ૫૨ મિનિટ ચાલી વાતચીત, ભાગીદારી વધારવા પર વાત થઈ

નવીદિલ્હી,તા.૯

જી-૨૦ સમિટ પહેલા પીએમ મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનની વચ્ચે લગભગ ૫૨ મિનિટ સુધી મુલાકાત થઈ હતી. બાઈડેન એરપોર્ટ પર પહોંચ્યા બાદ સીધા પીએમ મોદીના નિવાસ સ્થાને પહોંચ્યા હતા. આ બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય વાર્તા થઈ હતી. પીએમ મોદી અને બાઈડેનની મુલાકાત બાદ એક નિવેદન જાહેર કર્યું છે. તેમાં ભારત-અમેરિકાની ભાગીદારી વધારવા પર વાત થઈ છે. સાથે જ અમેરિકા યુએનએસસીમાં ભારતની સ્થાયી સદસ્યતાના પક્ષમાં જોવા મળ્યું છે. આ દરમ્યાન બાઈડેને જી૨૦ની અધ્યક્ષતા માટે ભારતના વખાણ કર્યા હતા. સાથે જ ચંદ્રયાન-૩ની



સફળતા માટે ભારતને શુભકામના આપી છે. તો વળી પીએમ મોદીએ બાઈડેનને ક્વાડ સંમેલન ૨૦૨૪ માટે આમંત્રણ આપ્યું છે.બાઈડેન સાથે મુલાકાત બાદ પીએમ મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, અમારી બેઠક ખૂબ જ પ્રોડક્ટિવ હતી. અમે કેટલાય મુદ્દા પર ચર્ચા કરી છે. જે ભારત અને અમેરિકાની વચ્ચે આર્થિક સંબંધોને વધારશે. તે વૈશ્વિક ભલાઈ અને બંને દેશોની દોસ્તીમાં મહત્વની ભૂમિકા નિભાવશે.


સંયુક્ત નિવેદનમાં કહેવાયું છે કે, બંને નેતાઓએ આ વાત પર ફરીથી ભાર આપ્યો છે કે, સ્વતંત્રતા, લોકતંત્ર, માનવાધિકાર, સમાવેશન, બહુલવાદ અને તમામ નાગરિકો માટે સમાન અવસરના ભાગીદારી મૂલ્યો બંને દેશોની સફળતા માટે મહત્વપૂર્ણ છે અને તે મૂલ્ય આપણા સંબંધોને મજબૂત કરે છે. આપને જણાવી દઈએ કે, અમેરિકન રાષ્ટ્રપતિ તરીકે ભારતની પ્રથમ યાત્રા પર બાઈડેન સાંજના લગભગ સાત કલાકે દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેમના સ્વાગતમાં ગીત અને સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

પીએમ મોદી અને બાઈડેનને ભારત અને અમેરિકાની વચ્ચે ગાઢ સંબંધોની વકાલત કરી છે. સાથે જ પીએમ મોદી અને બાઈડેને જી ૨૦ પ્રત્યે કટિબદ્ધતાની પુષ્ટિ કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે, શિખર સંમેલનના પરિણામ ભાગીદારી લક્ષ્યોને આગળ વધારશે. બંને નેતાઓએ સ્પેસ અને છૈંના વિસ્તારમાં સહયોગના માધ્યમથી ભારત-અમેરિકાની રક્ષા ભાગીદારી વધારવા અને વિવિધતાપૂર્ણ બનાવવા માટે પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ બાઈડેનની વચ્ચે રણનીતિક ભાગીદારી વધારવામાં ટેકનિકની નિર્ણાયક ભૂમિકાને લઈને ચર્ચા કરી છે. બંને નેતાઓની સાથે ખુલી, સુલભ, સુરક્ષિત અને લચીલી ટેક્નોલોજીના ઈકોસિસ્ટમ અને ચેઈન બનાવવા માટે મહત્વપૂર્ણ અને ઊભરતી ટેક્નોલોજી પર ચાલી રહેલા પ્રયાસોના વખાણ કર્યા હતા.

## ભ્રષ્ટાચારના કેસમાં આંધ્રના પૂર્વ સીએમ ચંદ્રબાબુ નાયડુની ધરપકડ, પુત્ર પણ કસ્ટડીમાં

હૈદરાબાદ,તા.૯

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની ધરપકડ કરવામાં આવી છે. પૂર્વ સીએમ સામે સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન કૌભાંડનો કેસ ચાલી રહ્યો છે. નંદ્યાલ રેન્જના ડીઆઈજી રઘુરામી રેડ્ડી અને સીઆઈડીના નેતૃત્વમાં પોલીસની મોટી ટુકડી તેની ધરપકડ કરવા પહોંચી હતી. તેમના પુત્ર લોકેશને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. શહેરના આરકે ફંક્શન હોલ પાસે વહેલી સવારે ૩ વાગ્યે તેની અટકાયત કરવામાં



આવી હતી. રેલી બાદ તેઓ પોતાના બસ કેમ્પમાં આરામ કરી રહ્યા હતા.સીઆઈડીએ પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. વોરંટ જારી થયાના થોડા સમય બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. રેલી બાદ તેઓ પોતાના બસ કેમ્પમાં આરામ કરી રહ્યા હતા. અહીં મોટી સંખ્યામાં ટીડીપી કાર્યકર્તાઓ હાજર હતા. ધરપકડ દરમિયાન પોલીસ અને ટીડીપી સમર્થકો વચ્ચે ઘર્ષણના સમાચાર પણ છે. પોલીસ અને તેલુગુ દેશમ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. પોલીસ નાયડુ સમર્થકોને બાજુમાંથી કાઢીને બસ સુધી પહોંચી હતી. તેની ધરપકડ પહેલા પોલીસે તેની સુરક્ષામાં રોકાયેલા દ્ગજીય્ કમાન્ડન્ટને જાણ કરી હતી. પોલીસ દ્વારા નાયડુના મુખ્ય સુરક્ષા અધિકારીને પણ ધરપકડ વોરંટ અંગે જાણ કરવામાં આવી હતી. બીજી તરફ, નેતાઓમાં રોષ હતો કે ચંદ્રબાબુને અડધી રાતે જગાડવા યોગ્ય નથી. તેણે કહ્યું કે તે ક્યાંય ભાગી જનાર વ્યક્તિ નથી.કૌશલ્ય વિકાસ-સિમેન્સ પ્રોજેક્ટ ૨૦૧૫ માં સામે આવ્યો ટીડીપી સરકારે સિમેન્સ અને ડિઝાઈન ટેક કંપનીઓ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૩,૩૫૬ કરોડ છે અને રાજ્ય સરકારનો હિસ્સો ૧૦ ટકા છે. રૂપિયા. ૩૭૧ કરોડના ગેરઉપયોગના આક્ષેપોની પૃષ્ઠભૂમિમાંપવાયપીસી સરકારે ઓગસ્ટ ૨૦૨૦માં તપાસનો આદેશ આપ્યો હતો.

## છેલ્લા ૪૫ વર્ષથી મેં નિઃસ્વાર્થપણે તેલુગુ લોકોની સેવા કરી છે.: ચંદ્રબાબુ નાયડુ

હૈદરાબાદ,તા.૯

તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના પ્રમુખ અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુની ધરપકડ બાદ તેમની પહેલી સોશિયલ મીડિયા પોસ્ટ સામે આવી છે. આ પોસ્ટ ચંદ્રબાબુ નાયડુના સત્તાવાર હેન્ડલ પર આવી છે. ચંદ્રબાબુ નાયડુએ લખ્યું છે કે, ×છેલ્લા ૪૫ વર્ષથી મેં નિઃસ્વાર્થપણે તેલુગુ લોકોની સેવા કરી છે. હું તેલુગુ લોકોના હિતોની રક્ષા માટે મારા જીવનનું બલિદાન આપવા તૈયાર છું. દુનિયાની કોઈ શક્તિ મને તેલુગુ લોકો, મારા આંધ્રપ્રદેશ અને મારી માતૃભૂમિની સેવા કરતા રોકી શકશે નહીં.×

પોસ્ટના અંતમાં ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું છે કે આ પોસ્ટ ૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સવારે ૬ વાગ્યે કરવામાં આવી હતી. જણાવી દઈએ કે ચંદ્રબાબુ નાયડુની પણ તે જ સમયે સ્કિલ ડેવલપમેન્ટ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી. શક્ય છે કે વોરંટ જારી થયા બાદ આ પોસ્ટ કરવામાં આવી હોય. ચંદ્રબાબુ નાયડુએ પોસ્ટ સાથે પોતાની એક તસવીર પણ શેર કરી છે, જેમાં તેઓ કેટલાક દસ્તાવેજો પર સહી કરતા જોવા મળે છે.પોલીસ કસ્ટડીમાં લેવાતા પહેલા ચંદ્રાબાબુ નાયડુએ મીડિયાને કહ્યું, ×મેં કોઈ ગેરવર્તન કે ભ્રષ્ટાચાર કર્યો નથી. સીઆઈડીએ કોઈપણ યોગ્ય માહિતી વિના મારી ધરપકડ કરી અને મેં તેમને પુરાવા બતાવવા કહ્યું, પરંતુ તેઓએ પુરાવા બતાવવાની ના પાડી અને મારી ભૂમિકા વિના એફઆઈઆરમાં મારું નામ ઉમેર્યું.×

તંત્રી લેખ......

# ભારત પર મહાભારત

જી-૨૦ સંમેલન દરમ્યાન રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત થનારા રાત્રિભોજનના નિમંત્રણ પત્રમાં પ્રેસિડેન્ટ ઓફ ભારત લખાતાં કેટલાક વિપક્ષી દળોએ તો આકાશ માથે ઉપાડી લીધું, તેનો મતલબ સમજવો મુશ્કેલ છે. કોંગ્રેસે તો તેને સંઘીય માળખા પર હુમલો ગણાવી દીધો. તેણે એક દેશ-એક ચૂંટણીની પહેલને પણ સંઘીય માળખા પર હુમલો ગણાવ્યો હતો. લાગે છે કે તેણે દરેક નાની-મોટી વાત પર આ જ જુમલાનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. આખરે જ્યારે બંધારણમાં જ લખ્યું છે કે ભારત, જે ઈન્ડિયા છે, તો પછી તેના ઉપયોગ પર વાંધો કેમ? ભારતનો ઉલ્લેખ ન માત્ર બંધારણમાં છે, બલ્કે સામાન્ય બોલચાલ સાથે સરકારી કામકાજમાં પણ આ શબ્દનો ખૂબ ઉપયોગ થાય છે. આપણા કેટલાય પડોશી દેશ પણ ઈન્ડિયાને બદલે ભારત કહેવાનું પસંદ કરે છે. જેમ કે આપણી કેટલીય સંસ્થાઓ ઈન્ડિયા નામ ધરાવે છે, એવી જ રીતે કેટલીય ભારત નામ ધરાવે છે. એનાથી પણ મોટી વાત એ છે કે રાષ્ટ્રગાનમાં પણ ભારત શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, નહિ કે ઈન્ડિયાનો. હાલમાં જ તેલંગણા રાષ્ટ્ર સમિતિએ પોતાનું નામ બદલીને ભારત રાષ્ટ્ર સમિતિ કર્યું. શું કોઈએ આ પક્ષના વડાને પૂછ્યું કે તમે ઈન્ડિયા રાષ્ટ્ર સમિતિ નામ કેમ પસંદ ન કર્યું? શું એ હાસ્યાસ્પદ નથી કે જે વિપક્ષી દળોએ પોતાના ગઠબંધન માટે એ નારો તૈયાર કર્યો છે કે 'જુડેગા ભારત-જીતેગા ઈન્ડિયા', તેઓ પણ રાષ્ટ્રપતિ દ્વારા ભારત શબ્દના ઉપયોગ પર લાલપીળા કેમ થઈ રહ્યા છે?

કેટલાક વિપક્ષી દળો એ નિષ્કર્ષ પર પણ પહોંચી રહ્યા છે કે મોદી સરકાર તેમના ગઠબંધનના નામથી ગભરાઈ ગઈ છે, તેથી રાષ્ટ્રપતિ પાસે ભારત શબ્દનો ઉપયોગ કરાવે છે. આ પણ ધડ-માથા વગરની વાત છે. આ પક્ષોએ એનાથી પરિચિત હોવું જોઈએ કે સામાન્ય ભારતીય ઈન્ડિયાના બદલે ભારત શબ્દનો જ વધુ ઉપયોગ કરે છે. તે એટલા માટે એવું કરે છે, કારણકે આપણા દેશનું મૂળ નામ ભારત છે અને તે સદીઓથી પ્રચલિત છે. ઈન્ડિયા નામ તો અંગ્રેજોએ આપેલું છે. કેટલાક વિપક્ષી દળો એ આરોપ પણ કરી રહ્યા છે કે હવે મોદી સરકાર દેશનું નામ બદલવા જઈ રહી છે. આખરે તેમાં બદલવાની શી વાત છે? ભારત નામ તો પહેલેથી જ ચલણમાં છે. આપણે તેની પણ અવગણના ન કરવી જોઈએ કે કેટલાય દેશોએ પોતાનાં નામ બદલ્યાં છે, કારણ કે તે તેમની સંસ્કૃતિ, સભ્યતા અને વારસા સાથે જોડાણને વ્યક્ત કરતા હતા. હાલમાં જ તુર્કીનું નામ તુર્કિયે થઈ ગયું. એ જ રીતે બર્મા મ્યાંમાર થઈ ગયું અને સિલોન શ્રીલંકા. આપણા દેશમાં પણ કેટલાય મુખ્ય શહેરોનાં નામ બદલાઈ ચૂક્યાં છે. બોમ્બે હવે મુંબઈ છે, મદ્રાસ ચેન્નઈ અને કલકત્તા કોલકાતા. બેંગ્લોર પણ બેંગલુરુ થઈ ગયું છે.

## પત્રાવળી-૧૦




રવિવારની સવાર

સાહિત્ય મિત્રો,

અગાઉના પત્રમાં એક અક્ષરવાળા શબ્દનો ઉલ્લેખ થયો હતો. તેના સંદર્ભમાં કહું તો, ભાષામાં સૌથી પહેલાં તો અક્ષર હોય. એવા બે કે વધારે અક્ષર અમુક નિયત રીતે અડોઅડ આવે એટલે શબ્દ બને. આમ તો એમ જ લાગે કે બે કે વધારે અક્ષરોથી બનેલા શબ્દોમાંથી જ કોઈ પણ અર્થ નીકળતા હોય છે. પરંતુ કેટલાક એવા અક્ષર પણ છે, જે એક એકનો પણ કશો અર્થ થતો હોય -જેમકે સંસ્કૃતમાં 'ન' (ના), 'ચ' (તથા); હિન્દીમાં 'વ' (અથવા); ગુજરાતીમાં 'ય' (પણ), અને જેમ ગુજરાતીમાં 'જ' તેમ બંગાળીમાં 'ઈ' (ભાર દર્શાવતા અક્ષર) ઈત્યાદિ.

જો અર્થ છે જ, તો પછી આ એકલવાયા અક્ષરો શબ્દ જ બન્યા ને? આવો વિચાર કરીએ કે તરત વિસ્મય પણ થાય, અરે હા, આ વાત તો સાચી, ને કેવી નવાઈની પણ છે, નહીં?

શબ્દો મને બધી રીતે આકર્ષક લાગે છે – દેખાવમાં, સાંભળવામાં, બોલવામાં. પહેલાં તો કોઈ પણ ભાષા જોઉં એટલે જાણે જોયા જ કરું. આ એનું દશ્ય રૂપ. એને સાંભળું એટલે એના લય ને ધ્વનિમાં મન પરોવાય. આ એનું શ્રાવ્ય રૂપ. એ પછી એને બોલવા જાઉં, અને એની સમગ્રતાને અનુભવું. આ એનું ઉચ્ચારિત રૂપ.

જ્યારે આટલો સ્વરૂપવાન હોય છે શબ્દ, ત્યારે એનો ઊંડો મોહ લાગી જઈ શકે છે. પછી એની મોહિની, સુંદર શબ્દોથી બનતી ભાષા કોઈ વિશિષ્ટ પ્રકારના જાદુ જેવી જ છે.

દેખાવમાં મુગ્ધકર ભાષા અરબી છે, હિબ્રુ છે. એમ તો રશિયા-મૉન્ગૉલિયાની સિરિલિક લિપિ પણ ખરી. કળાત્મક ને ચિત્રાત્મક લાગે. હજારો વર્ષ પહેલાંના જમાનામાં તો ખરેખર ચિત્રાકૃતિ દ્વારા જ શબ્દ બનતા હતા. હજી દુનિયામાં ક્યાંક ક્યાંક પ્રાચીન ગુફાના પથ્થરો પર આવી ચિત્ર-ભાષા મોજુદ રહેલી જોવા મળે છે.

સાંભળવામાં તો જાણે લગભગ કોઈ પણ ભાષા કર્ણપ્રિય લાગે. તે એના પોતાના આગવા લય અને ધ્વનિને કારણે. દુનિયાની ઘણી ભાષાઓ સાંભળવા મળી છે. ઈંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોની ભાષા ઈંગ્લિશ ખરી, પણ એની હલક બહુ રુચિર લાગે છે. તો પશ્ચિમ આફ્રિકાના અમુક દેશોના આદીવાસીઓની ભાષામાં જીભ અને હોઠથી ઉદ્ભવતા પટાક-પટાક ધ્વનિ જ હોય છે. એના શબ્દોના ઉચ્ચારોની હલકને માટે થઈને બે ભાષા મારી સૌથી વધારે પ્રિય છે – બંગાળી અને સ્પૅનિશ.

બંને સાવ જુદા જ મૂળની છે, ને એમના શબ્દોના ઉચ્ચારોના નિયમો જુદા જ છે, પણ પરિણામ જાણે સરખું આવે છે -ખૂબ સંગીતમય! અમુક શબ્દો એવા હોય છે કે જેમને બોલવામાં વધારે ક્ષણો આપવી પડે. ધારો કે, 'આનંદ સાથે' જેવા શબ્દો બંગાળીમાં બોલવા હોય તો 'આનંદ સહ' બોલવું પડે. અરે, પણ એનો ઉચ્ચાર 'આનૉન્દૉ શૉહૉ' કરવો પડે. ખરેખર જ વધારે આનંદ અનુભવાય.

સ્પૅનિશમાં એકાદ દાખલો જોઈએ તો 'ઈન્વિટેશન' જેવા શબ્દનો ઉચ્ચાર 'ઈન્વિતાસિયોઁ' થઈ જાય છે. આ ભાષા ધ્વનિ-નિર્ભર છે, ને લેખિત શબ્દ અંગ્રેજી પ્રમાણેનો લાગે ત્યારે પણ ઉચ્ચાર લાક્ષણિક હોય છે.

આ બે ભાષાઓના શબ્દો બોલીએ ને જાણે મોઢું ભરાઈ જાય, જાણે હોઠ પર શબ્દોના સ્વરૂપનો સ્પર્શ થઈ જાય! શબ્દ પ્રત્યેનું સંવેદન ઉત્કટ હોય ત્યારે શબ્દો પણ ચિત્ર, શિલ્પ, નૃત્ય જેવી સ્પર્શગત, બહુપરિમાણી, દશ્ય-શ્રાવ્ય કળાઓના જેવા બની જતા અનુભવાય છે.

તો આજે, અહીં જ અટકું.

પ્રીતિ સેનગુપ્તા.

## શહેરમાં એક સપ્તાહમાં મ્યુનિ.એ પકડેલા ૧૨૧૮ રખડતાં ઢોરમાંથી ૭૦ ટકા માત્ર પૂર્વ વિસ્તારના



શહેરમાં પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે પોલીસીનો તા.૧ સપ્ટેમ્બરથી કડક અમલ શરૂ કરાયો છે. આ નવી પોલીસીની અમલીકરણના એક સપ્તાહમાં કુલ ૧૨૧૮ જેટલા રખડતા ઢોરોને પકડીને ઢોરવાડામાં પુરવાની કામગીરી મ્યુનિ.એ કરી છે. એક સપ્તાહમાં પકડાયેલા ઢોરમાંથી ૭૦ ટકા રખડતાં ઢોરો માત્ર પૂર્વ વિસ્તારમાંથી પકડાયા છે. એટલે કે ૮૫૦ જેટલા ઢોરો પૂર્વમાંથી જ્યારે ૩૬૮ એટલે કે ૩૦ ટકા ઢોર પશ્ચિમ વિસ્તારમાંથી પકડાયા છે. તેના પરથી કહી શકાય કે રખડતાં ઢોરોનો ત્રાસ પશ્ચિમની સરખામણીમાં પૂર્વ વિસ્તારમાં વધારે છે.જ્યારે ઝોન પ્રમાણે જોવા જઈએ તો દક્ષિણઝોનમાં સૌથી વધુ ૩૮૨ અને પૂર્વ ઝોનમાં ૧૭૫ ઢોર મ્યુનિ.ના પાંજરે પુરાયા છે. બીજી તરફ શહેરમાં સૌથી ઓછા રખડતાં ઢોર દક્ષિણ પશ્ચિમ ઝોનમાંથી માત્ર ૮૦ જ પકડાયા છે. ઉપરાંત નવી ઢોર પોલીસી અંતર્ગત મ્યુનિ.ના સીએનસીડી વિભાગ દ્વારા કામગીરી ઢોર માલિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઘણી જગ્યાએ ઢોર પકડતી મ્યુનિ.ની ટીમ સાથે ઘર્ષણના બનાવો બની રહ્યા છે. જેમાં ઓઢવમાં ઢોર પકડવા ગયેલી મ્યુનિ.ની ટીમ ઉપર તો ટોળાએ હુમલો કરીને એક કર્મચારીને માર માર્યો હતો.

## ખેસારી લાલ યાદવને દિલ્હી હાઈકોર્ટે આપ્યો ઝટકો: હવે ૨ વર્ષ સુધી એક જ કંપની માટે ગીત ગાઈ શકશે

નવીદિલ્હી, તા.૯

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર ગણાતા ખેસારી લાલ યાદવને દિલ્હી હાઈકોર્ટ દ્વારા મોટો ઝટકો લાગ્યો છે. 'ગ્લોબલ મ્યુઝિક જંક્શન' નામની કંપની સાથે થયેલા કરાર અંગે પોતાનો ચુકાદો આપતાં હાઈકોર્ટે જણાવ્યું કે, ખેસારી લાલ યાદવ 'ગ્લોબલ મ્યુઝિક જંક્શન' કંપની સિવાય અન્ય કોઈ કંપની માટે બે વર્ષ સુધી ગીત નહીં ગાઈ શકશે.

છેલ્લા દિવસોમાં દિલ્હી હાઈકોર્ટ સામે એક કેસ આવ્યો હતો. આ મામલે ખેસારી લાલ યાદવ અને ગ્લોબલ મ્યુઝિક કંપની વચ્ચે વિવાદ હતો. આ વિવાદ પર હાઈકોર્ટે ખેસારી લાલ યાદવ વિરુદ્ધ ચુકાદો આપ્યો છે. હવે ખેસારી લાલ યાદવ ૨ વર્ષ સુધી માત્ર એક જ મ્યુઝિક કંપની માટે ગીત ગાઈ શકશે અને અન્ય કોઈ મ્યુઝિક કંપની માટે નહીં ગાઈ શકશે. આ નિર્ણય બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે, ખેસારી લાલ યાદવ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અન્ય કોઈ કંપની માટે ગીત નહીં ગાશે. તેણે માત્ર 'ગ્લોબલ મ્યુઝિક જંક્શન' માટે જ ગાવાનું રહેશે.પ્રાપ્ત માહિતી પ્રમાણે ૨૭ મે ૨૦૨૧ના રોજ ખેસારી લાલ યાદવ અને 'ગ્લોબલ મ્યુઝિક જંક્શન' કંપની વચ્ચે કરાર થયો હતો.

# સનાતન ધર્મમાં ચાર સમૂહોને અંગ્રેજ કાળમાં ખ્રિસ્તી અને અબ્રહામિક બનાવવાનું કાર્ય અહીં સાબિત થાય છે.: ડો. કૌશિક ચૌધરી

તો જે વાતનો મને શક હતો અને હું જે રિસર્ચમાં હતો તે આજે કાંઈક પાકો થયો. ભારતના ચાર હિંદુ પંથ જેના મૂળિયાં અંગ્રેજ કાલ દરમિયાન હિંદુથી અબ્રહામીક બની ગયા, એ પાછળ અંગ્રેજો ક્યાં ક્યાં હર્દંમંદી હતા.

૧. દ્રવિડિયન સેકટ: ઈસ ૧૭૦૬ માં દક્ષિણ ભારતમાં જર્મન લુથરન ચર્ચ સક્રિય થયો ખ્રિસ્તી કંવર્ઝન માટે. સૌ પહેલા ત્યાં જે સૌથી ઓછી (૩.૨%) પણ સૌથી પ્રભાવી વસ્તી હતી તે બ્રાહ્મણોને કન્વર્ટ કરવાની કોશિશ કરી, પણ એ ફેલ ગયું. હવે આ ત્રણ ટકા બ્રાહ્મણો મોટા ભાગના સરકારી હોદા પર સ્થાયી હતા, અને સમાજનો સૌથી વધુ ભણેલો અને ક્રીમ વર્ગ હતો. બાકીના ૯૭% લોકોને એ બ્રાહ્મણો વિરૂધ્ધ ભડકાવવામાં આવ્યા અને એવી થિયરીનો ઘડવામાં આવી કે આ ત્રણ ટકા લોકો ઉત્તર ભારતમાંથી આવીને અહી વસ્યા છે અને તેમનું શોષણ કરે છે. આગળ જતાં આ કાર્યમાં ત્યાં સક્રિય બનેલું ફ્રેન્ચ ચર્ચ પણ જોડાયું અને સિસ્ટેમિક રીતે વીસમી સદીના ઉત્તરાર્ધ સુધી એવું ઝેર ભરાયું કે બાકીના નોન બ્રાહ્મણ સમાજની ફિલોસોફી અસલમાં ખ્રિસ્તી દર્શનના નજીક છે. ૧૯૦૬ માં જ્યારે ધર્મ આધારિત ચુંટણીઓનો કાયદો આવ્યો ત્યારે આખા ભારતમાં આ રીતે તૈયાર કરાયેલી ઘણી કોમ્યુનિટી સામે આવી જેમને કહેવામાં આવ્યું હતુ કે જો તે પોતાને હિંદૂથી અલગ સાબિત કરી શકે તો તેમની અલાયદી સીટો હશે જ્યાં માત્ર તેમના જ ઉમેદવારો ઊભા રહી શકશે. મદ્રાસ પ્રેસિડેનસી જે છેક ઓરિસા સુધી ફેલાયેલી હતી, પણ કેન્દ્ર તમિલનાડુ હતું, ત્યાંના નોન બ્રાહ્મણ હિંદુઓએ અને પંજાબમાં ખાલિસ્તાનીઓએ પહેલીવાર આ માંગ કરી. જ્યારે આ માંગને સ્વીકારવામાં ન આવી, ત્યારે આગળ જતા રામાસ્વામીએ (પેરિયારે) જસ્ટિસ પાર્ટીની સ્થાપના કરી. આ જસ્ટિસ પાર્ટીએ એની બેસંટના હોમ રૂલની માંગનો બ્રિટનમાં જઈ વિરોધ કર્યો કે તમે જો ભારતને હોમ રુલ આપશો તો તે દક્ષિણ ભારતમાં બ્રાહ્મણોના રાજને લાવવાનું કામ કરશે. બસ આજ જસ્ટિસ પાર્ટીમાંથી દ્રમુક સહિતની બધી દ્રવિડિયન પાર્ટીઓ આવી છે, જે તેમના કોરમાં સેપરેતિસ્ટ છે.

૨. ખાલિસ્તાન: ૧૮૫૬ માં અંગ્રેજો દ્વારા શિખોનું એક ગ્રુપ તૈયાર કરવામાં આવ્યું જેણે કહેવાનું શરૂ કર્યું કે અમે હિંદુ નહિ, અબ્રહમિક દર્શનથી નજીક છીએ. ૧૯૦૬ માં આ લોકો પહેલીવાર રાજકીય રીતે સામે આવ્યા, પણ પંજાબની જ શીખ કમિટી દ્વારા દબાવી દેવામાં આવ્યા. પણ ૧૯૮૦ માં બસ ઈલેક્શન જીતવા માટે ભીનરાનવાલેને ઊભો કરી આ ખાલિસ્તાનનને ફરી જીવતું કરવામાં આવ્યું.

૩. આર્યસમાજ: વેદોના અર્થને ફક્ત સંહિતાઓ સુધી સીમિત કરી દેવાનું કામ આર્ય સમાજે કર્યું. આ કારણે વેદ જે કારણે અબ્રહમીક ધર્મોથી અલગ પડતા હતા, તે વિશિષ્ટાદ્વૈત અને અદ્વૈતના સિધ્ધાંત વેદોથી બહાર થઈ ગયા, અને જીવ, જગત અને બ્રહ્મ એ ટ્રિનિટીનો સિધ્ધાંત જ વેદોનો સિધ્ધાંત છે એવું સામે આવ્યું. અને આ ટ્રિનિટીનો સિધ્ધાંત ખ્રિસ્તી ધર્મનો મૂળ સિધ્ધાંત હતો. બસ આર્યસમાજમાં કોઈ અંગ્રેજ હસ્તક્ષેપથી આવું થયું કે અંગ્રેજો સામે ગુલામીની માનસિકતાના કારણે લઘુતાગ્રંથિમાં આ થયું એ સ્પષ્ટ બનતું નથી, પણ આ થયું એ સ્પષ્ટ બને છે.

૪. સ્વામિનારાયણ સેક્ટ: સ્વામિનારાયણ સંપ્રદાયને આજ કાળમાં કૃષ્ણ ભક્તિના ઉદ્ધવ સંપ્રદાયમાંથી કેવી રીતે ખ્રિસ્તી ધર્મના સ્વરૂપવાળો એક અલગ ધર્મ બનાવી દેવામાં આવ્યો તે તો આપણે જોઈ ચૂક્યા છીએ. પણ આ પરિવર્તન ભારતના લોકો કે સંતો દ્વારા થાય એ અશક્ય હતું, કારણ કે અહીં તો ખ્રિસ્તી દર્શન વિશે કોઈ જાણકારી જ નહોતી. અને ત્યાં આપણને જાણકારી મળે છે, બોમ્બે પ્રેસીડેંસીના ગવર્નર સર જ્હોન માલ્કમ અને અન્ય અંગ્રેજ અમલદારો જોડે સહજાનંદ સ્વામીના ઘનિષ્ઠ સંપર્કની. અંગ્રેજ પાદરી અને ખ્રિસ્તી ધર્મના શિક્ષક એવા વિલિયમ હોજ મીલ, જે કલકત્તાની બિશપ કોલેજના પ્રિન્સીપાલ હતા તેમની ડાયરીમાં સહજાનંદ સ્વામી અને ખ્રિસ્તી ચર્ચના પાદરીઓ અને અંગ્રેજ અમલદારો વચ્ચે થયેલી અનેક મીટીંગો અને તેના કારણે સ્વામિનારાયણે કેવી રીતે હિંદુ ધર્મના શાસ્ત્રોને પુનઃવ્યાખ્યાયિત કર્યા તેનું વર્ણન છે. એમાં સાર રૂપે લખાયું છે કે '૧૮૨૦ ના દાયકાના સ્વામિનારાયણ હિન્દુ દસ્તાવેજો, બ્રિટિશ અને સ્વામિનારાયણ સંબંધનું નવું પુનર્નિર્માણ કરવામાં મદદ કરે છે. ઉપનીવેશિક (અંગ્રેજ) અધિકારીઓ સાથે હિંદુઓના સંબંધો પણ આ શરૂઆતના સમયગાળામાં હિંદુ-ખ્રિસ્તી સંવાદ સાથે નોંધપાત્ર રીતે આગળ વધે છે. સ્વામિનારાયણે શાસ્ત્રીય હિંદુ વિચાર અને વ્યવહારના પાસાઓને પુનર્જીવિત અને શુદ્ધ કરી તેનું પુનઃઅર્થઘટન કર્યું, જેના કારણે બ્રિટિશ અધિકારીઓ અને પાદરીઓ તેમનું ધાર્મિક અને સામાજિક સુધારક તરીકે અર્થઘટન કરવા લાગ્યા, જેમના સુધારાએ સામાજિક વ્યવસ્થા અને કલ્યાણમાં ફાળો આપ્યો.'

સાથે કેમ્બ્રિજ યુનિવર્સિટીની એક પુસ્તકમાં લખ્યું છે, ' ૨૮ ફેબ્રુઆરી, ૧૮૩૦ ના રોજ રાજકોટ ખાતે સર જ્હોન માલ્કમ અને સ્વામિનારાયણની મિટિંગ થઈ, જે ગુજરાતમાં બ્રિટિશ કંટ્રોલ અને સ્વામિનારાયણ હિંદુઈઝમના

સહજાનંદ સ્વામીની વધતી લોકપ્રિયતાથી સ્વાભાવિક બની ચૂકી હતી. આ મિટિંગ તે પહેલાં બ્રિટિશ અમલદારો અને ખ્રિસ્તી પાદરીઓની સ્વામિનારાયણના ધાર્મિક નેતાઓ સાથે થયેલી અનેક બેઠકોનું પરિણામ હતી. આ મિટિંગ સહજાનંદ સ્વામીની આખરી માંદગીના સમયમાં થઈ અને તે તેમની આખરી મુલાકાતોમાંથી એક હતી. તે પછી ડિસેમ્બરમાં જ્હોન માલ્કમ પણ બ્રિટન પાછા આવી ગયા. તે બંનેની મિટિંગે એ તાકતોને ગતિ આપી જેમણે ભારતના રાજનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિદૃષ્યને મહત્વપૂર્ણ રૂપથી પ્રભાવિત કર્યું. એ તાકતો એ બ્રિટન અને સમગ્ર આધુનિક સંક્રમણ નેટવર્કમાં જ્યાં પણ ગુજરાતમાંથી સ્થળાંતર થયું છે ત્યાં કોલેટરલ પ્રભાવ પાડવાનું ચાલુ રાખ્યું છે.'

તો, આ પછીની બધી વાતો સ્પષ્ટ થઈ જાય છે. આટલું સજ્જડ ખ્રિસ્તી સ્વરૂપ ગુજરાતના એક હિંદુ પંથમાં કેવી રીતે પ્રગટી ગયું, અને તેમાં કેવી રીતે સનાતન ધર્મના ઈશ્વરોનું અપમાન શરૂ થયું તેનું મૂળ અહીં છે. તો હવે પછીનું શુદ્ધિકરણનું કામ અહીંથી શરૂ કરવાનું છે. એમાં મોડું પણ ન કરવામાં આવે, અને ઢીલાઈ પણ ન કરવામાં આવે.

નીચે ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ લાઈબ્રેરીના આર્ટિકલ છે. સાથે એક સ્નેપશોટ પણ અપાયો છે જેમાં જ્હોન માલ્કમ અને સ્વામિનારાયણ મિટિંગ તથા તેની આજસુધી થયેલી અસરો વિશે લખેલું છે. લિંક પર ફક્ત છબ્સ્ટ્રેક્ટ જ વાંચી શકશો (જે પૂરતો છે), અંદરનું કન્ટેન્ટ ખરીદવું પડશે. સાથે વિલિયમ હોજ મીલનું વિકિપીડિયા પેજ છે જેની ડાયરીમાંથી આ માહિતીઓ મળે છે.

ઓક્સફોર્ડ:
https://academic.oup.com/book/26706/chapter-abstract/195515167?redirectedFrom=fulltext

કેમ્બ્રિજ:
https://www.cambridge.rog/croe/books/abs/an-introduction-to-swaminarayan-hinduism/beginnings-of-swaminarayan-hinduism/D3183EFD50DAA137D2B02D27CEFDA707#

વિલિયમ હોજ મિલ:
https://en.m.wikipedia.rog/wiki/William_Hodge_Mill

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું